તાજપુર કુઈ-બોરીયા લાંભા રોડ પર લટકતા વિજ વાયરો જાનહાની નોતરશે

પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈથી બોરીયાઓ જતાં માર્ગ પર ઝાડ પાસે લટકતા વીજવાયરો ભયંકર અકસ્માત નોતરે તેવી દહેશત સ્થાનિકોમાં પ્રવૃત્તિ રહી છે. તાલુકાના તાજપુર કુઈથી બોરીયા બોજા રોડ ઉપર વીજતંત્ર દ્વારા માર્ગ ઉપર ખુબજ લટકતા વીજવાયરોથી અવારનવાર ભારે વાહનોને પણ પરેશાની ભોગવવી પડે છે. કોઈ મોટી જાનહાની થાય ને પછી જ રીપેરીંગ હાથ ધરવાની બાધા લીધી હોય તેમ ચોમાસાની ઋતુમાં વાયરો અથડાતા મોટા તણખા ખરે છે. ને ભરવાડ વસાહત પાસે ચાલુ વરસાદે અર્થીંગનો કરંટ આવતા પશુઓ દોડાદોડ કરી બોગરવા માંડ્યા હતા. જો કે વિજ પૂરવઠો વરસાદથી ખોરવાઈ જતાં મોટી જાનહાની ટળી ગઈ હતી પરંતુ લાંબા સમયથી ઝુલાની જેમ ઝુલતા આ વાયરો સત્વરે રીપેર થાય ને મોટી જાનહાની ટાળી શકાય તે માટેની તંત્ર તજવીજ હાથ ધરે તેવી પંથકજનોની માંગ છે.

ભિલોડામાં વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર એન. આર. એ. વિદ્યાલયમાં ફાળવવા પ્રબળ લોકમાંગણી

ભિલોડા, તા.૬

સાબરકાંઠા જીલ્લાના ભિલોડામાં વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર વર્ષો જુની એન. આર. એ. વિદ્યાલયમાં ફાળવવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે. ગુજરાત રાજ્ય સરકારના માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક ડિપાર્ટમેન્ટ ધ્વારા વરસે-દાડે કરોડો રૂપીયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે પરંતુ ઉચ્ચ કોટીના શિક્ષણની સ્થિતી દિન-પ્રતિદિન કથળતી જાય છે. ભિલોડા, વિજયનગર તાલુકામાં આવેલી શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા બાળકોનું ભાવી અંધકારમય બન્યું હોય તેમ લોકમુખે જાણવા મળ્યું છે.

ભિલોડામાં ઘણા વર્ષોથી વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવણી કરાવવા માટે વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો ઉચ્ચ કક્ષા સુધી કરાયેલ છે પરંતુ શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢતા હોવાના કારણે વિદ્યાર્થીઓ,વાલીઓ અને પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. ભિલોડા, વિજયનગર વિસ્તારના વિદ્યાર્થીઓ, વાલીઓ, પ્રજાજનો ધ્વારા તીવ્ર લોકમાંગણી એવી છે કે ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર સત્વરે ફાળવવામાં નહી આવે તો વિદ્યાર્થીઓ, વાલીઓ ગાંધીચીંધ્યા માર્ગે લડત આપવાનો રણશીંગુ ફુકાયુ હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા અને વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરે છે ત્યારે સરકાર ધ્વારા લાખો રૂપીયાની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. ભિલોડા, વિજયનગર તાલુકામાં વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ માં સારા ટકા મેળવી હોશીયાર વિદ્યાર્થીઓ ધોરણ-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ ચાલું કરતા હોય છે હવે તો ધોરણ.૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતી અમલમાં આવી છે ત્યારે એક વર્ષમાં બે વાર બોર્ડની પરીક્ષા આપવી પડતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓને ૫૦ કિલોમીટર દુર ધોરણ.૧૧, ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડે છે.અંતરીયાળ ગ્રામીણ વિસ્તારમાં એસ.ટી.બસોની સુવિધા અપુરતી હોવાના કારણે પ્રાઈવેટ વાહનોમાં પરીક્ષા આપવા ઈડર જવું પડતું હોય છે.ભિલોડા જનસેવા સંઘ સહમંત્રી કમલેશ ભાઈ મહેતા,વિદ્યાર્થીઓ,વાલીઓ અને જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં ધોરણ.૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર આપવામાં આવે તેવી માંગણી કરેલ છે.

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવા લોકમાંગણી છે.જેના નીચે મુજબના ફાયદાઓ છે. ભિલોડા જનસેવા સંઘ શિક્ષણ સંસ્થા ૫૦ વર્ષ જુની સંસ્થા છે.ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડથી નજીક છે.ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહનું મુખ્ય પરીક્ષા કેન્દ્ર છે. ભિલોડા એન. આર. એ.વિદ્યાલયમાં ધોરણ.૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર સત્વરે ફાળવવામાં નહી આવે તો વિદ્યાર્થીઓ, વાલીઓ, જાગૃત પ્રજાજનો ગાંધીચીંધ્યા માર્ગે લડત આપશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

બનાસકાંઠામાં ઉઘાડ આવતા લોકોએ હાશકારો અનુભવ્યો

પાલનપુર, તા.૬

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી ઝરમરીયા વરસાદી માહોલ બાદ ગઈ કાલે બપોર પછી ઉઘાડ નીકળતા જિલ્લાવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો.

સરહદી જિલ્લામાં મેઘરાજા આરંભે પૂર સાબિત થયા છે કારણ કે વહેલા વરસતા મેઘરાજાએ ઘણી વાટ જોવડાવી હતી. તેમાં પણ થોડા વરસાદી ઝાપટાંને બાદ કરતા જિલ્લામાં હજુ મુશળધાર વરસાદ થયો નથી તેથી બફારાનું સામ્રાજય યથાવત રહેવા પામ્યું છે. ઉપરથી છેલ્લા એક અઠવાડીયામાં છવાયેલ ચોમાસુ માહોલ વચ્ચે એકાદ બે ભારે વરસાદી ઝાપટાને બાદ કરતા વિજળીના કડાકા-ભડાકા વચ્ચે પણ માત્ર ઝરમરીયો વરસાદ થયો હતો. તેમાંથી ઉલટાનું કાદવ કિચ્ચડથી નર્કાગારની પરિસ્થિતિ સર્જાઈ હતી અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા રહ્યા હતા. ચોમાસા દરમિયાન દાંતીવાડા, લિંપુ અને મુકતેશ્વર ડેમમાં પાણીની નહીવત આવક થઈ છે ત્યારે મેઘરાજા બાકીના શ્રાવણ અને ભાદરવામાં ભરપુર વરસે તેમ જિલ્લાવાસીઓ ઝંખે છે.

મોડાસાને માઝુમ જિલ્લો બનાવવા પ્રજાની ઉગ્ર રજુઆત

ધનસુરા, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનું વડુમથક હિંમતનગર છે. પરંતુ મોડાસા, મેઘરજ, માલપુર, બાયડની સામાન્ય પ્રજાને હિંમતનગર ખૂબજ દૂર પડતુ હોવાથી પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ છે.

હિંમતનગરમાં જિલ્લાકક્ષાની તમામ ઓફિસો આવેલી હોવાથી પ્રજાને અવારનવાર જિલ્લાકક્ષાએ દોડવુ પડે છે. આથી જ પ્રજાને અવારનવારના ધક્કા પડે છે.આથીજ સામાન્ય પ્રજાએ મુખ્યમંત્રીએ જ્યારે રાજયના જિલ્લા અને તાલુકાનું વિભાજન કરેલ અરવલ્લી જિલ્લો જાહેર કર્યો ત્યારે મોડાસાને માઝુમ જિલ્લો જાહેર કરવા લોકોની વર્ષો જુની માંગણી છે. આ જિલ્લો બને તો મોડાસા સાથે મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ, તલોદનો સમાવેશ કરવામાં આવે તેવી પુનઃ માંગણી અને રજુઆત પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારે કરી છે અને પ્રાપ્ત માહિતી પ્રમાણે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરતા મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક હૈયાધારણા આપેલ હોય તેવુ જાણવા મળે છે.

ડીસાના કાંટ ગામેથી અર્બુદા કેળવણી રથયાત્રા નિકળી

ડીસા, તા. ૬

દિયોદર તાલુકાના રૈચા ગામ ખાતેથી અર્બુદા કેળવણી મંડળ સંચાલિત નાથીબેન પચાણભાઈ કન્યા કેળવણી સંકુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને અર્બુદા ધામ આબુથી અખંડ જ્યોત લઈ કાંકરેજી હિંદવાણી અને ડીસાવળ પરગણાના દરેક ગામોમાં મા અર્બુદાના કન્યા કેળવણીના રથનું પરિભ્રમણ કરવામાં આવ્યું હતું.

સમાજના દરેક ઘરે શિક્ષણ રૂપી જ્યોતિ લઈ ફરશે. આ અર્બુદા કન્યા રથ ગતરોજ સવારે ડીસા તાલુકાના કાંટ ગામેથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. રથના પ્રસ્થાન પ્રસંગે તેજાભાઈ દેસાઈ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાંકરેજી, હીંદવાણી તથા ડીસાવળ આંજણા ચૌધરી સમાજના અગ્રણી ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કન્યા કેળવણી રથ ડીસા જલારામ મંદિર ખાતે આવી પહોંચતા ડીસા ખાતે વસતા ચૌધરી સમાજના જ્ઞાતિબંધુઓ દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં શહેરના માર્ગો પર શોભાયાત્રા નિકળી હતી.

ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા ધ્વારા હોદેદારોની વરણીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા ધ્વારા હોદેદારોની વરણીનો કાર્યક્રમ ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપ અગ્રણી નિલેશભાઈ રાજગોર, સાબરકાંઠા જીલ્લા ભાજપ યુવા મોરચો મહામંત્રી બ્રીજેશભાઈ પટેલ, સાબરકાંઠા જીલ્લા ભાજપ યુવા મોરચો ઉપપ્રમુખ મનોજભાઈ પટેલ સહિત ભાજપ યુવા મોરચાના વિવિધ હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ પદે નરેન્દ્રસિંહ બી.રાઠોડ, ઉપપ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, જીગર ત્રિવેદી સહિત અનેક અગ્રણીઓની વિવિધ પ્રકારના હોદ્દાઓની વરણી કરાઈ હતી. આ પ્રસંગે ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચાના હોદેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકાના શિવાલયો ૐ નમઃ શિવાય અને બમબમ ભોલેના નાદથી ગુંજી ઉઠશે

ભિલોડા. તા.૬

પર્વ,ઉત્સવો,તહેવારોએ ભારતીય સંસ્કૃતિના મુખ્ય પ્રતિકો છે. આ ઉજવણીથી આનંદ તો મળે છે પરંતુ શરીરને ઉર્જા મળવાથી સ્ફુર્તી અને જોમ આવે છે. પરીણામ સ્વરૂપે શારીરીક અને માનસિક થાક પણ ઉતરી જાય છે. અષાઢ કૃષ્ણ પક્ષ અમાસ જે હરીયાળી અમાસ તેમજ દિવાસો તરીકે ઓળખાય છે. આ દિવસથી તહેવારો,ઉત્સવોની શરૂઆત થાય છે. એક ગુજરાતી કહેવત પ્રચલિત છે કે દિવાસો આવ્યો સો પર્વ લાવ્યો.દિવાસાથી દિવાળીનું અંતર સો દિવસનું ગણાય છે માટે તેને દિવાસો કહેવાય છે. ભારતીય સંસ્કૃતિમાં વ્રત, ઉપવાસ,આરાધના માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પવિત્ર પાવન શ્રાવણ માસનું મહત્વ સૌથી વધુ છે.દેવાધિદેવ મહાદેવ ભોળા શીવ શંકર ભગવાનની ઉપાસનાનું પર્વ ભક્તિભાવપુર્વક ઉલ્લાસથી ઉજવવા શ્રધ્ધાળુ ભાવિક ભક્તો થનગની રહ્યા હતા. આજથી પવિત્ર શ્રાવણ માસના પ્રારંભથી ભિલોડા સહિત સાબરકાંઠા જીલ્લામાં શિવાલયો ૐ નમઃ શિવાય, બમબમ ભોલેના નાદથી શિવાલયો ગુંજી ઉઠશે. શ્રાવણ માસમાં તહેવારો આવતા હોવાથી શ્રધ્ધાળુ ભક્તોની ભક્તિમાં ઔર વધારો થાય છે.ભક્તિની ભાવના પણ વધુ પ્રબળ બનતી હોય છે.શિવાલયોમાં ત્રણ પ્રહરની પૂજાઓ થતી હોવાને કારણે અનેરો ધાર્મિક માહોલ જોવા મળે છે. ભગવાન શિવજીની ઉપાસના માટે પવિત્ર પાવન શ્રાવણ માસને ઉત્તમ ગણવામાં આવે

છે. જેને પગલે શિવ ભક્તોમાં ભારે આનંદ, ઉત્સાહ જોવા મળે છે. ઉપાસના માટે બીલીપત્ર,ગાયનું દુધ,ધતુરાનું ફુલ સહિત અભિષેક વગેરે અને યજમાનોના સતકર્મો માટે ભૂ-દેવોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એક માસ સુધી બીલીપત્રો મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા ભક્તોએ કરી છે.પવિત્ર શ્રાવણ માસ એટલે આરાધના અને ઉપાસનાની સાથે-સાથે ભાતિગળ લોકમેળાનું પણ આ મહિના દરમિયાન આયોજન થાય છે. ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં જોવા મળે છે. સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ જુના ભવનાથ, સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર, વિજયનગર તાલુકાના વિરેશ્વર- શારણેશ્વર મહાદેવ મંદીર,ઈડર તાલુકાના કણ્વાથ મહાદેવ મંદીર, સપ્તેશ્વર મહાદેવ, જાદરના મુંધણેશ્વર મહાદેવ, હિંમતનગરના ભોલેશ્વર મહાદેવ મંદીર સહિત બેરણાના શિવ મંદીર, માલપુર તાલુકાના શુલપાણેશ્વર મહાદેવ મંદીર, બાયડનગરના વૈજનાથ મહાદેવ, સોમનાથ મહાદેવ, ધનસુરાના કપીલેશ્વર મહાદેવ મંદીર સહિત સાબરકાંઠા જીલ્લાના હજજારો શિવાલયોમાં આજે પવિત્ર પાવન શ્રાવણ માસના પ્રારંભ સાથે વહેલી પરોઢથી ઠેર-ઠેર શિવાલયોમાં ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ બીલીપત્ર, દુધ ચઢાવી ભોળા શીવ શંકર ભગવાન શિવ આપુતોષના આશિર્વાદ મેળવવા પ્રયાસ કરશે. પવિત્ર પાવન શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથના અનેક ભક્તો નકોરડા ઉપવાસ કરવાની સાથે-સાથે દાઢીધારી બની જશે તેમજ શિવાલયો ૐ નમઃ શિવાય,બમબમ ભોલેના નાદથી ગુંજી ઉઠશે.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૫૬૦	૮૪૦
એરંડા	૬૮૮	૬૯૫
ઘઉં	૩૦૫	૩૬૫
બાજરી	૨૩૦	૨૯૬
ગવાર	૯૦૦	૯૯૬
ડાંગર જ્યા	૨૮૦	૩૦૦

સલાલ

એરંડા	૬૫૦	૮૪૦
ઘઉં	૩૧૦	૩૫૦
બાજરી	૧૯૦	૨૬૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૦

પ્રાંતિજ

એરંડા	૬૫૦	૬૬૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૦૦	૨૬૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૧

ધનસુરા

એરંડા	૬૭૫	૬૮૫
મકાઈ	૨૮૦	૩૨૦
ઘઉં	૩૧૦	૩૩૫
બાજરી	૨૩૦	૨૭૩
ગવાર	૭૫૦	૧૦૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૦૦	૩૨૦
ઘઉં ૪૯૬	૩૧૦	૩૩૫
મકાઈ	૨૭૫	૨૮૦
એરંડા	૬૭૫	૬૮૩

મોડાસા

એરંડા	૬૮૫	૭૦૩
બાજરી	૨૪૦	૨૮૭
મકાઈ	૨૭૦	૨૯૮
ઘઉં	૩૧૦	૩૫૪
ગવાર	૭૦૦	૯૮૧

ટીંટોઇ

ઘઉં	૩૦૦	૩૧૫
મગફળી	૭૦૦	૭૭૫

દહેગામ

બાજરી	૨૬૦	૨૮૨
ઘઉં	૩૦૪	૩૧૬
ડાંગર	૨૭૦	૨૯૦
એરંડા	૬૮૦	૬૮૭
ગવાર	૭૭૫	૯૮૦
મકાઈ	૨૪૦	૩૦૦
તુવેર	૫૩૦	૬૦૦
જુવાર	૩૧૦	૩૭૦
રાયડો	૫૨૫	૫૭૦

રણિયાલ

બાજરી	૨૫૫	૨૭૫
ઘઉં	૩૦૦	૩૧૦
ડાંગર	૨૬૦	૨૮૦
એરંડા	૬૭૫	૬૮૫
ગવાર	૭૫૦	૯૭૦
મકાઈ	૨૩૦	૨૮૦
તુવેર	૫૨૦	૫૭૦
જુવાર	૩૦૦	૩૬૦
રાયડો	૫૨૦	૫૬૫

હિંમતનગર

મગફળી	૬૦૦	૮૪૩
એરંડા	૬૭૫	૭૦૫
ઘઉં	૩૧૦	૩૮૪
બાજરી	૨૧૦	૨૭૦
મકાઈ	૨૭૫	૨૯૦
ગવાર	૮૦૦	૧૦૧૭

ઈડર

ઘઉં	૩૨૦	૩૪૧
મકાઈ	૨૮૦	૨૯૭
એરંડા	૬૮૦	૬૯૨
બાજરી	૨૪૫	૨૬૫
મગફળી	૬૫૦	૮૩૭
ગવાર	૯૫૦	૧૦૦૯
મગ	૫૬૦	૫૭૧

કડી

ઘઉં	૩૦૭	૩૪૧
ડાંગર	૨૫૦	૩૩૫
બાજરી	૨૨૯	૨૬૩
જવ	૨૩૧	-
ગવાર	૮૩૬	૧૦૩૬
એરંડા	૬૮૦	૬૮૫
રાયડો	૫૬૮	૫૭૬

પાલનપુર

ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૦૮	૨૮૪
એરંડા	૬૭૮	૬૮૯
રાયડો	૬૦૪	૬૦૫
રાજગરો	૧૦૯૭	૧૧૫૫
મગફળી	૫૦૦	૯૩૫
મગ	૬૦૦	૮૮૦
ચણા	૫૨૦	૫૨૫
ગવાર	૭૦૦	૧૦૫૦
મકાઈ	૨૭૨	૨૭૮

મહેસાણા

રાયડો	૫૭૬	૬૦૬
એરંડા	૬૫૦	૬૯૯
ગવાર	૭૫૨	૯૯૬
ઘઉં	૨૮૦	૩૪૩
બાજરી	૧૬૦	૨૮૦
જુવાર	૨૩૨	૬૧૨

વિસનગર

ઘઉં	૨૯૫	૩૬૭
બાજરી	૧૬૦	૨૮૦
રાયડો	૫૫૦	૧૦૨૨
એરંડા	૬૬૫	૬૯૮.૫૦
જુવાર	૨૭૦	૫૪૧
ગવાર	૫૦૦	૧૦૧૯
રજકાનાબી	૧૪૦૦	૨૮૨૮

મહેસાણા

ઘઉં	૨૯૦	૩૫૪
જીરૂ	૮૭૦	૨૪૦૦
રાયડો	૫૬૮	૬૦૫
મેથી	૫૩૧	-
સવા	૬૨૯	-
બાજરી	૨૨૦	૨૯૬
એરંડા	૬૬૦	૬૮૦
અજમો	૧૧૧૪	-
ગવાર	૯૭૫	૧૦૧૬

આંબલીયાસણ

ઘઉં	૨૮૦	૩૨૯
બાજરી	૧૮૨	૨૭૪
રાયડો	૫૮૦	-
એરંડા	૬૭૪	૬૭૯
ગવાર	૮૫૦	૧૦૦૦

જોટાણા

એરંડા	૬૭૫	૬૭૮
બાજરી	૨૪૦	૨૭૭

ઠારીજ

રાયડો	૫૮૦	૬૦૦
એરંડા	૬૬૦	૬૯૦
સાસટો	૨૫૦	૨૮૨
બાજરી	૨૦૦	૨૩૦
ઘઉં	૨૮૫	૩૩૮
ગવાર	૮૦૦	૧૦૦૬
ચણા	૫૧૦	૫૬૧
જીરૂ	૨૨૦૦	૨૫૪૫
સવા	૬૦૦	૬૫૪

કલોલ

ઘઉં	૨૯૮	૩૪૭
એરંડા	૬૭૬	૬૯૩
બાજરી	૨૩૫	૨૮૨
ડાંગર	૨૪૫	૩૨૫
ગવાર	૯૮૬	૧૦૨૮
જુવાર	૨૫૧	૩૬૦

બાયડ

એરંડા	૬૨૫	૬૫૦
ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૨૦	૨૬૨
મકાઈ	૨૮૫	૨૯૫
ગવાર	૮૦૦	૯૦૦

પાટણ

જીરૂ	૨૦૦૦	૨૨૯૬
વરીયાળી	૭૭૦	૧૧૮૬
રાયડો	૫૪૦	૬૧૬
એરંડા	૬૫૫	૭૦૦
ઘઉં	૨૯૦	૩૬૬
જુવાર	૨૫૦	૪૫૦
બાજરી	૨૧૫	૨૮૭
ગવાર	૮૨૬	૧૦૧૭
સવા	૬૦૦	૬૨૫

ઉંઝા

અસાળીયો	૬૦૦	-
જીરૂ	૨૦૬૭	૨૬૧૫
વરીયાળી	૧૦૧૧	૧૮૪૦
ઈસબગુલ	૧૧૩૫	૧૩૩૩
સરસવ	૬૧૫	૬૭૫
તલ	૧૭૬૦	૨૨૨૧
સવા	૫૮૦	-

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૪૦	૨૨૦
બટાટા ડીસા	૧૭૦	૨૪૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૫૦૦	૬૧૦
ડુંગળી મહારાષ્ટ્ર	૫૮૦	૬૫૦
રીંગણ	૩૦૦	૭૦૦
રવૈયા	૫૦૦	૧૦૦૦
કોબીજ	૪૦૦	૫૬૦
ફુલાવર	૨૪૦	૫૦૦
ટામેટા પાકા	૩૦૦	૫૦૦
દૂધી	૩૦૦	૬૦૦
કાકડી	૧૨૦	૮૦૦
ગીલોડા	૬૦૦	૧૨૦૦
મરચાં દેશી	૩૦૦	૫૦૦
લીંબુ	૨૦૦	૪૦૦
આદુ	૧૨૦૦	૧૫૦૦
બીટ	૨૪૦	૪૦૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601